# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


અખબારી યાદી — તા. ૩-૦૮-૨૦૨૨

- **૭૩૪૭૭ પશુધન પર માત્ર એક પશુચિકિત્સા અધિકારી, ૧૦૫૭૪૯ પશુધન પર માત્ર એક પશુધન નિરીક્ષક, ૩૪૫૭૧૮ પશુધન પર માત્ર એક ડ્રેસર, ૨૫૯૨૮૮ પશુધન પર માત્ર એક એટેંડન્ટ, ૩૪૧૩૪૨ પશુધન પર માત્ર એક પટાવાળામાં કઈ રીતે બચશે ગાયમાતા ? ભાજપ સરકારની ગુન્હાહિત બેદરકારી, લમ્પી વાયરસ મહામારીમાં સામે આવી.**
- **ગાયમાતાના ચિકિત્સા-સારવાર આપવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ**

૭૩૪૭૭ પશુધન પર માત્ર એક પશુચિકિત્સા અધિકારી,૧૦૫૭૪૯ પશુધન પર માત્ર એક પશુધન નિરીક્ષક, ૩૪૫૭૧૮ પશુધન પર માત્ર એક ડ્રેસર, ૨૫૯૨૮૮ પશુધન પર માત્ર એક એટેંડન્ટ, ૩૪૧૩૪૨ પશુધન પર માત્ર એક પટાવાળામાં કઈ રીતે બચશે ગાયમાતા ? ભાજપ સરકારની ગુન્હાહિત બેદરકારી પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોરોના કાળમાં ડોક્ટરો - પેરામેડીકલ સ્ટાફને અભાવે મોટા પાયે ગુજરાતના નાગરિકો મોતને ભેટ્યા તેવી જ રીતે લમ્પી વાયરસમાં સારવારના અભાવે ગાયમાતા મુગા પશુઓ મોતને ભેટી રહ્યા છે. ગુજરાતમાં પશુચિકિત્સક, ડ્રેસર સહિત સારવાર માટેની મોટા પાયે જગ્યાઓ ખાલી છે. ૧૦ થી વધુ જીલ્લાઓમાં મુગા-પશુઓની સારવાર માટે એકપણ ડ્રેસર ઉપલબ્ધ નથી. ગુજરાતમાં પશુચિકિત્સકની ૨૯૦ જગ્યાઓ ખાલી છે, પટાવાળા કમ એટેંડન્ટની ૨૯૪ જગ્યા ખાલી છે. પટાવાળાની ૪૦૫ જગ્યાઓ ખાલી છે. ગુજરાતમાં ૯૬,૩૪,૦૦૦ ગાયો સામે સારવાર માટે માત્ર ૩૬૭ ચિકિત્સક અધિકાર એટલે કે ૨૬,૨૫૧ ગાયોની સારવાર માટે એક પશુધન ડોક્ટર છે. ૩૭,૭૮૦ ગાયોના નિરીક્ષણ માટે માત્ર એક પશુ નિરીક્ષક ઉપલબ્ધ છે. ગીર સોમનાથ, પોરબંદર, ડાંગ, નર્મદા, બોટાદ, ભાવનગર, છોટા ઉદેપુર, અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર જીલ્લાઓમાં પશુધનની સારવાર-નિરીક્ષણ માટે પુરતા સ્ટાફને અભાવે પશુધનની પરિસ્થિતિ સતત કથળી રહી છે. લમ્પી વાયરસને રોકવા ભાજપ સરકાર પાસે કોઈ નક્કર યોજનાના અભાવે માત્ર કચ્છમાં ૨૦,૦૦૦ થી વધુ ગાયમાતાના મોત થયાની વિગતો સામે આવી છે. "જ્યાં રસી હોય ત્યા સ્ટાફ ન હોય, જ્યાં સ્ટાફ હોય ત્યા રસી ના હોય" આ ભાજપની ગૌમાતા પ્રત્યે નકલી પ્રેમની પોલ ખોલી નાખી છે. માત્રને માત્ર મત લેવા ઉત્સવો અને તાયફાઓમાં જોર જોરથી ગાયમાતાનું નામ લેવાનું પરંતુ જ્યારે ગાયમાતા ખરેખર તકલીફ છે ત્યારે નકલી હિંદુત્વવાળી ભાજપ સરકારનો ચાલ-ચલન, ચહેરો અને ચરિત્ર ગુજરાતના નાગરિકો સામે ખુલ્લો પડી ગયો છે. કોરોનામાં નાગરિકોના આરોગ્ય સેવાઓમાં નિષ્ફળ ભાજપ સરકાર હવે ગાયમાતાના ચિકિત્સા-સારવાર આપવામાં સદંતર નિષ્ફળ નીવડી છે ત્યારે ભાજપ સરકાર પશુચિકિત્સક અધિકારી વર્ગ-૨, ડ્રેસર, એટેંડન્ટની, પશુ નિરિક્ષક સહિતની પશુ દવાખાનામાં ખાલી પડેલ જગ્યા તાકીદે ભરે, રાજ્યમાં લમ્પી વાયરસને કારણે મોતને ભેટેલ ગાયમાતા, પશુધનના સાચા આંકડા જાહેર કરવામાં આવે અને લમ્પી વાયરસની સામે મુખ્યમંત્રી ગાયમાતા પશુધનને બચાવવા માટે વિશ્વાસ પડે તેવા વાસ્તવિક પગલા ભરવામાં આવે.

| ક્રમ | મહેકમનું નામ | કુલ સંખ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| 1. | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૬૫૭ | ૨૯૦ |
| 2. | ડ્રેસર વર્ગ-૪ | ૨૩૫ | ૧૫૭ |
| 3. | એટેંડન્ટ | ૩૯૮ | ૨૯૪ |
| 4. | પશુધન નિરીક્ષક | ૫૨૯ | ૨૭૪ |
| 5. | પટાવાળા | ૪૮૪ | ૪૦૫ |

| પશુધન માટેની વાસ્તવિક સ્થિતી |
|---|
| ૭૩૪૭૭ પશુધન પર ૧ પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ |
| ૩૪૫૭૧૮ પશુધન પર ૧ ડ્રેસર વર્ગ-૪ |
| ૨૫૯૨૮૮ પશુધન પર ૧ એટેંડન્ટ |
| ૧૦૫૭૪૯ પશુધન પર ૧ પશુધન નિરીક્ષક |
| ૩૪૧૩૪૨ પશુધન પર ૧ પટાવાળા |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા